## –:: રેગ્યુ.દિ.કેસ નં.૪૦/૨૦૨૫ ના કામે વાદીની આંક–૫ ની મનાઇ અરજી અન્વયે હુકમ ::–

---

**વાદી તરફે :– વિ.વ.શ્રી જી.કે.ભાવસાર**
**પ્રતિવાદી તરફે :– વિ.વ.શ્રી એસ.એલ.પટેલ**

---

**૧.** આ કામના વાદીએ સીવીલ પ્રો.કોડના ઓર્ડર–૩૯ રૂલ(૧)(૨) તથા સીવીલ પ્રોસીઝર કોડની કલમ–૧૫૧ મુજબ અરજી કરી એવી હકીકત જણાવેલ છે કે,વાદી નં.૧ નું લગ્ન પ્રતિવાદી નં.૧ અને ૨ ના દીકરા પરેશકુમાર સાથે હિન્દુ શાસ્ત્રોકત વિધિ અને અમારી જ્ઞાતીના રીત રીવાજ મુજબ તા.૧૧/૧૨/૨૦૦૯ ના રોજ થયેલ અને તે લગ્ન જીવનથી વાદી નં.૨ અને ૩ જન્મેલ છે. પ્રતિવાદી નં.૩ અને ૪ નાઓ વાદી નં.૧ ના દીયર અને દેરાણી છે.વાદીનુ લગ્ન થયાબાદ વાદી નં.૧,૨ અને ૩ સાથે સંયુક્ત કુટુંબમા રહેતા હતાં.પરંતુ વાદીના પતિ કોન્ટ્રાકટનો ધંધો કરતા હોઈ, ખરાબ આદતે ચઢી ગયેલ હોઈ, પ્રતિવાદી નં.૧ થી ૪ ની ચઢવણીના કારણે વાદી નં.૧ને શારીરીક અને માનસીક ત્રાસ આપતા હતાં અને રૂા.૫,૦૦,૦૦૦/– અમારા પિતાશ્રીના ઘરેથી લાવવા સારું માંગણી કરેલી પરંતુ તેઓના કહેવા મુજબ વાદીના પિતાશ્રી મૃત્યુ પામેલ હોઈ,અને ભાઈ નાનો હોઈ, પૈસા લાવી શકેલ તેમ ન હોઈ,આજીજી કરવા છતાં તા.૨૪/૦૮/૨૩ ના રોજ અમો વાદી નં.૧ને અમારા બાળકો સહીત પહેરેલ કપડે કાઢી મુકેલા. ત્યારબાદ તા.૦૩/૦૨/૨૪ ના રોજ ફરીથી અમારા મા–બાપના ઘરે અશોકપુરા (તાજપુરી) મુકામે આવી વાદી નં.૧ ના પતિ પરેશભાઈ તથા પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ વાદી નં.૧ ને ઘરમાંથી બહાર ખેંચી માર–મારવા લાગેલા અને રૂા.૫,૦૦,૦૦૦/– લાવીશ તોજ તને રાખીશું નહિતર તને જીવતી કુટી બાળીશું વિગેરે ધમકી આપેલી.જે અંગે વાદી નં.૧ એ તા.૦૬/૦૨/૨૪ ના રોજ પોલીસ સબ ઈન્સપેકટર મહિલા પોલીસ સ્ટેશન હિંમતનગરને લેખીતમાં ફરિયાદ આપેલી પરંતુ ત્યારબાદ વાદી નં.૧ ના પતિ અને પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓ તા.૦૨/૦૯/૨૪ ના રોજ વાદીઓને સમજુતી કરી તેડવા માટે આવેલા અને વાદી નં.૧ ના મોટાબાપા હરિભાઈ કોદરભાઈ પટેલના ઘરે બેસીને પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ અને વાદી નં.૧ ના પતિ પરેશભાઈ અને પ્રતિવાદી નં.૧ થી ૪

નાઓએ અમો વાદી તથા અમારા બાળકોને સારીરીતે રાખવાની ખાત્રી આપી તેમજ દહેજની માંગણી કરી શારીરીક અને માનસીક ત્રાસ નહી આપીએ તેવી ખાત્રી તેમની સાથે આવેલ આગેવાનોની હાજરીમાં આપી અમો વાદીઓને તેડી ગયેલા.ત્યારબાદ અમો વાદી નં.૧ના પતિની તબીયત અગાઉની કુટેવોના કારણે બગડેલી અને તા.૧૮/૦૮/૨૪ ના રોજ અવસાન થયેલ છે.વાદી નં.૧ ના પતિ અને વાદી નં.૨ અને ૩ ના પિતાશ્રી પરેશભાઈનું અવસાન થયા બાદ પ્રતિવાદી નં.૧ અને ૨ વાદીના સાસુ–સસરા તથા પ્રતિવાદી નં.૩ અને ૪ વાદી નં.૧ ના દીયર અને દેરાણીનું વાદી પ્રત્યેનું વર્તન ખુબજ ક્રૂર અને અમાનુષી થઈ ગયેલુ જેની જાણ વાદીના સગા વ્હાલાઓને થતા તા.૨૯/૦૯/૨૪ ના રોજ વાદીના મોટા બાપાના દીકરા નિકેશકુમાર હરિભાઈ પટેલ,મારા ભાઈ સુરજકુમાર વસંતભાઈ,તથા મારા કાકા કાંતિભાઈ કોદરભાઈ અને મારા કાકા નરેશભાઈ કોદરભાઈ તથા અમો વાદી નં.૧ ના કાકાના દીકરા ડૉ.ચતીનભાઈ જશુભાઈ પટેલ તથા હમારા કાકા હર્ષદભાઈ નાથાભાઈ પટેલ વિગેરે અમારી સાસરીમા આવેલા.તે સમયે પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ અમોને રહેવા માટે ગાયત્રીનગર, દાવડમા બાપદાદા વખતના જુના મકાનમાં પ્રતિવાદી નં.૧ થી ૪ સાથે રહેતા હતા તે મકાન અમો વાદીઓના હીસ્સે વારસાઈમા મૌખીક વહેંચણી મુજબ રહેવા આપેલુ અને પ્રતિવાદી નં.૩ અને ૪ અને પ્રતિવાદી નં.૧ એ વડીલો પાર્જીત મીલ્કતની આવકમાંથી વસાવેલ દાવડ ગામમાં આવેલ નવું બનાવેલ મકાન આપેલુ અને ખેતી લાયક જમીન તથા પ્રતિવાદી નં.૫ થી ૮ નાઓની સહભાગીદારીમા વડીલો પાર્જીત ખેતી લાયક જમીનની આવકમાંથી વસાવેલ બીનખેતીના પ્લોટોમાં વાદીઓને તથા પ્રતિવાદી નં.૩ ને અડધો અડધ હીસ્સો કરી આપવા સંમત કરી વાદીઓના દીકરા અને દીકરીનાં ભરણપોષણ અને અભ્યાસની જવાબદારી સ્વીકારી પ્રતિવાદી નં.૧ એ પોતાની હયાતીમા રેવન્યુ રેકર્ડમા વાદીઓ તથા પ્રતિવાદી નં.૩ ના નામ હયાતીમા ખેતી લાયક જમીન અને બીન ખેતીના પ્લોટોમાં વારસાઈ હકકે દાખલ કરવાની ખાત્રી આપી તથા પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓ પાસે રહેલ અમો વાદી નં.૧ના સ્ત્રીધનના દાગીના જેમા (૧) સોનાનુ મંગળસુત્ર ૩–તોલા (૨) સોનાનો દોરો–દોઢ તોલા (૩) સોનાના કાન જોડ ૧–તોલા (૪) સોનાની વીટી અડધો–તોલો (૫) ચાંદીના છડા જોડ–૧ ૨૦૦ ગ્રામ તેમજ વાદી નં.૧ના પતિના વિમાની રકમ

રૂા.૨,૧૨,૦૦૦/- પ્રતિવાદી નં.૨ ના ખાતામાં જમા થયેલ છે તે પરત હમો વાદી નં.૧ ને આપવાનુ નકકી કરી વડીલો પાર્જીત મીલ્કતની મૌખીક વહેચણી કરેલી અને વાદીઓના લાલન પોષણની જવાબદારી પણ પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ સ્વીકારેલી.વાદીઓ તેથી અને ત્યારથી ગાયત્રીનગર, દાવડ મુકામે આવેલ મકાનમાં વડીલો પાર્જીત મીલ્કતોની મૌખીક વહેંચણી પ્રમાણે રહે છે. વાદીઓ પિયર પક્ષના વડીલોની હાજરીમા પ્રતિવાદી નં.૧ અને ૨ ના દીકરા વાદી નં.૧ ના પતિ પરેશકુમાર અને પ્રતિવાદી નં.૩ કલ્પેશભાઈ બંને દીકરાઓ વચ્ચે કરેલ મૌખીક વહેચણી મુજબ આ કામના પ્રતિવાદી નં.૧ એ વાદીઓ તથા પ્રતિવાદી નં.૩ કલ્પેશભાઈના નામ રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદી નં.૧ ના નામે ચાલતી ખેતીલાયક જમીન તથા બીનખેતી લાયક જમીનમાં દાખલ કરાવવા અને વાદીઓના લાલન પાલન અને ભરણપોષણ માટે નકકી થયા મુજબ કોઈ પણ પ્રકારની જવાબદારી પ્રતિવાદી નં. ૧ થી ૪ નાઓએ ન સ્વીકારતા તે અંગે વાદી નં.૧ ના કુટુંબીજનોએ પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓને ગઈ તા.૨૯/૦૬/૨૫ ના રોજ નકકી થયેલ મૌખીક વહેચણી મુજબ વર્તવા સારું વિનંતી કરતા તમામ પ્રતિવાદીઓએ વાદી નં.૧ની હાજરીમાં ધમકી આપેલ કે."અમો વાદીઓને મિલ્કતમાં કોઈ ભાગ આપવા માંગતા નથી અને વાદીઓને અહીંથી લઈ જતા રહો" તેવી ધમકી આપી આગેવાનો સાથે ઝઘડો કરી તેમને અપમાનીત કરેલ છે. ત્યારે વાદીઓના પિતાશ્રી ગુજરી ગયેલ હોઈ અને અમારા બાળકોને લઈ પિયર જઈ શકીએ તેમ ન હોઈ, અમારી મૌખીક વહેંચણીમાં અમારા ભાગે આવેલ ગાયત્રીનગર દાવડના મકાનમાં રહીએ છીએ.પરંતુ ઉપરોક્ત બનાવ બાદ પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ અમો વાદીઓને અમારા ઘરમાંથી કાઢી મુકવા શારીરીક અને માનસીક ત્રાસ અને ધમકી આપવાનુ શરુ કરેલ છે. એટલુજ નહી પરંતુ પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓએ વારસાઈથી આપેલ વડીલો પાર્જીત ખેતીલાયક જમીન,બીન ખેતી લાયક જમીનના પ્લોટો અને વાદીઓના હીસ્સે આવેલ મકાન ધાક-ધમકી આપી વાદીઓને ઘરની બહાર કાઢી મુકી વેચાણ કરી દેવાની ધમકી ગઈ તા.૦૧/૦૭/૨૫ ના રોજ સવારના ૮-૦૦ વાગ્યાના સુમારે અમો વાદીઓના ઘરે આવી ઝઘડો કરી ધમકી આપેલ હોઈ,વાદીઓને કાનુની હકકોના રક્ષણ માટે નામદાર કોર્ટમાં કાયમી મનાઈ હુકમ તથા ડેકલેરેશન માટેનો આ દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે.

વાદી નં.૧ ના સસરા પ્રતિવાદી નં.૧ના નામે મોજે દાવડ તા.ઈડરના ખાતા નં.૨૫૨ થી બ્લોક/સર્વે નં. ૮૯૮ થી ૦ હેકટર ૧૮–આરે ૧૫–ચો.મી. તથા ખાતા નં. ૫૫૮ થી બ્લોક/સર્વે નં.૪૧૭ ની ૦–હેકટર ૩૮–આરે. ૧૩–ચો.મી.બ્લોક/સર્વે નં.૪૯૬ની ૦–હેકટર ૭૪–આરે. ૫૧–ચો.મી. બ્લોક/સર્વે નં.૮૯૫ ની ૦–હેકટર ૨૯–આરે. ૨૫ ચો.મી. તથા બ્લોક/સર્વે નં. ૯૦૦ ની ૦–હેકટર ૪૨–આરે. ૨૦ ચો.મી. વડીલો પાર્જીત ખેતી લાયક જમીન આવેલ છે. જે વડીલો પાર્જીત ખેતી લાયક જમીનની આવક માંથી પ્રતિવાદી નં.૧ એ પ્રતિવાદી નં.૫ થી ૯ અને મર્હુમ મણીબેન ડાહ્યાભાઈની વિધવા સાથેની ભાગીદારીમાં મોજે દાવડ તા.ઈડર ની સીમના ખાતા નં.૭૫૯ ની બ્લોક/સર્વે નં. ૨૩૦૫ ની ૦–હેકટર ૪૩–આરે. ૫૧–ચો.મી. તથા ખાતા નં.૧૧૬૦ ના બ્લોક/સર્વે નં. ૨૩૦૬ ની ૦–હેકટર ૩૯–આરે. ૬૮–ચો.મી. બીનખેતી લાયક જમીનમાં પ્લોટીંગ કરાવેલ છે.તથા પ્રતિવાદી નં.૧ના નામે આવેલ વડીલોપાર્જીત મકાન કે જે અમો વાદીઓના હીસ્સે આવેલ છે,તે મકાન સહીતની ખેતી લાયક જમીન તથા બીન ખેતી લાયક જમીન જેનું વિગતવાર વર્ણન ઉપર પેરામાં આવેલ છે.તે તમામ મીલ્કતો અમો વાદીઓના વારસાઈ હકક ડુબાડી દઈ વેચાણ કરી દેવાની તજવીજો માં હોઈ, તેમજ અમો વાદીઓને અમારા હીસ્સે આવેલ વડીલો પાર્જીત મકાનમાંથી વાદીઓને કાઢી મુકી વેચાણ કરી દેવાની તજવીજો માં હોઈ, હાલનો દાવો કાયમી મનાઈ હુકમ તથા ડેકલેરેશન માટેનો દાખલ કરવાની ફરજ પડેલ છે.

વાદીઓના હીસ્સે આવેલ મૌખીક વહેંચણીમા ગાયત્રીનગર, દાવડ તા.ઈડરવાળા અમો વાદીઓના રહેણાંક વાળા મકાનની ચુર્તસીમા નીચે મુજબ છે.

પુર્વે:– રસ્તો મુકી પ્રતિવાદી નં.૫ કનૈયાલાલ ગોપાળદાસ નુ મકાન આવેલ છે.

પશ્ચીમે :– ગીરીશભાઈ ડાહ્યાભાઈ પટેલનું ખેતર આવેલ છે.

ઉત્તરે :– પ્રતિવાદી નં.૭ નારાયણભાઈ ડાહ્યાભાઈ નુ ઘર આવેલ છે.

દક્ષિણે :– જીતુભાઈ ડાહ્યાભાઈ પટેલનું મકાન આવેલ છે. (૮)

ઉપરોકત કારણોસર વાદીએ આજરોજ પ્રતિવાદી વિરુધ્ધ પ્રતિવાદી નં.૧ ના નામે મોજે દાવડ તા.ઈડરના ખાતા નં.૨૫૨ થી બ્લોક/સર્વે નં. ૮૯૮ થી ૦ હેકટર ૧૮–આરે ૧૫–ચો.મી. તથા ખાતા નં. ૫૫૮ થી બ્લોક/સર્વે નં.૪૧૭ ની

૦–હેકટર ૩૮–આરે. ૧૩–ચો.મી. બ્લોક/સર્વે નં.૪૯૬ની ૦–હેકટર ૭૪–આરે. ૫૧–ચો.મી. બ્લોક/સર્વે નં.૮૯૫ ની ૦–હેકટર ૨૯–આરે. ૨૫–ચો.મી. તથા બ્લોક/સર્વે નં. ૯૦૦ ની ૦–હેકટર ૪૨–આરે. ૨૦–ચો.મી. વડીલો પાર્જીત ખેતી લાયક જમીન આવેલ છે. જે વડીલો પાર્જીત ખેતી લાયક જમીનની આવક માંથી પ્રતિવાદી નં.૧ એ પ્રતિવાદી નં.૫ થી ૯ અને મર્હુમ મણીબેન ડાહ્યાભાઈ ની વિધવા સાથેની ભાગીદારીમાં મોજે દાવડ તા.ઈડર ની સીમના ખાતા નં.૭૫૯ ની બ્લોક/સર્વે નં. ૨૩૦૫ ની ૦–હેકટર ૪૩–આરે. ૫૧–ચો.મી. તથા ખાતા નં.૧૧૬૦ ના બ્લોક/સર્વે નં. ૨૩૦૬ ની ૦–હેકટર ૩૯–આરે. ૬૮ ચો.મી. બીનખેતી લાયક જમીનમાં પ્લોટીંગ કરાવેલ છે. તથા પ્રતિવાદી નં.૧ ના નામે આવેલ વડીલોપાર્જીત મકાન કે જે વાદીઓના હીસ્સે આવેલ છે.તથા વાદીઓના હીસ્સે મૌખીક વહેચંણી થી આવેલ રહેણાંક નું મકાન જેની ચર્તુસીમા મનાઈ અરજીના પેરા–૫ માં દર્શાવેલ રહેણાંકના મકાનમાંથી વાદીઓને અમારા કબજા ભોગવટામા હરકત હેલો અડચણ અંતરાય કરે કરાવે નહી.તેમજ ઉપરોક્ત દાવાવાળી મીલ્કતનું કોઈને કોઈપણ પ્રકારે વેચાણ, બક્ષિશ કે કોઈ પણ પ્રકારે તબદીલી કરે કરાવે નહી. કે બોજો ઉત્પન્ન કરાવે નહી તેમજ કબજા ભદગવટામા હરકત હેલો, અડચણ અંતરાય કરવાનો કે દાવાવાળી મીલ્કત ની કોઈપણ પ્રકારની તબદીલી કરવાનો કોઈ અધિકારો પહોંચતા નથી જેથી અમો વાદી સ્પષ્ટપણે પ્રાઈમાફેસી કેસ ધરાવીએ છીએ. આ કામના પ્રતિવાદીઓએ આપેલ ધમકી મુજબના કૃત્યો કરતા પ્રતિવાદીઓને અટકાવવામાં ન આવેતો વાદીને અનેક નવા લીટીગેશનોમાં ઉતરવુ પડે તેમ છે અને વાદીને નાણાથી પણ ભરપાઈ થઈ શકે તેવું પારાવાર નુકશાન થાય તેમ છે.વાદગ્રસ્ત મિલ્કતના વાદીઓ કાયદેસરના મૌખીક વહેંચણી મુજબ વારસાઈ હકક આધારે માલીકી હકકે પ્રત્યક્ષ કબજા અને ભોગવટામા હોઈ, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓની તરફેણમાં છે.

**વાદીઓએ દાદ માંગેલ છે કે,**

(અ) આ કામના પ્રતિવાદીઓ તેમના માણસો કે મળતીયાઓ અમો વાદીઓના કાયદેસરના કાનુની વારસાઈ હકકોને ડુબાડી પ્રતિવાદી નં.૧ ના નામે મોજે દાવડ તા.ઈડરના ખાતા નં.૨૫૨ થી બ્લોક/સર્વે નં. ૮૯૮ થી ૦ હેકટર ૧૮–આરે ૧૫–ચો.મી. તથા ખાતા નં. ૫૫૮ થી બ્લોક/સર્વે નં.૪૧૭ ની ૦–

હેકટર ૩૮–આરે. ૧૩–ચો.મી. બ્લોક/સર્વે નં. ૪૯૬ ની ૦–હેકટર ૭૪–આરે. ૫૧–ચો.મી. બ્લોક/સર્વે નં. ૮૯૫ ની ૦–હેકટર ૨૯–આરે. ૨૫–ચો.મી. તથા બ્લોક/સર્વે નં. ૯૦૦ ની ૦–હેકટર ૪૨–આરે. ૨૦–ચો.મી. વડીલો પાર્જીત ખેતી લાયક જમીન આવેલ છે. જે વડીલો પાર્જીત ખેતી લાયક જમીનની આવક માંથી પ્રતિવાદી નં.૧ એ પ્રતિવાદી નં.૫ થી ૯ અને મર્હુમ મણીબેન ડાહયાભાઈ ની વિધવા સાથેની ભાગીદારીમાં મોજે દાવડ,તા.ઈડરની સીમના ખાતા નં.૭૫૯ ની બ્લોક/સર્વે નં. ૨૩૦૫ ની ૦–હેકટર ૪૩–આરે. ૫૧–ચો.મી. તથા ખાતા નં.૧૧૬૦ ના બ્લોક/સર્વે નં. ૨૩૦૬ ની ૦–હેકટર ૩૯–આરે. ૬૮–ચો.મી. બીનખેતી લાયક જમીનમાં પ્લોટીંગ કરાવેલ છે. તથા પ્રતિવાદી નં.૧ ના નામે આવેલ વડીલોપાર્જીત મકાન કે જે અમો વાદીઓના હીસ્સે આવેલ છે. તથા અમો વાદીઓના હીસ્સે મૌખીક વહેચણી થી આવેલ રહેણાંક નું મકાન જેની ચર્તુસીમા દાવા અરજીના પેરા–૫ માં દર્શાવેલ છે. તે રહેણાંક ના મકાન માંથી અમો વાદીઓને અમારા કબજા ભોગવટામા હરકત હેલો કે અડચણ અંતરાય કરે કરાવે નહી. તેમજ ઉપરોકત દાવાવાળી મીલ્કતનું કોઈને કોઈપણ પ્રકારે વેચાણ, બક્ષિશ કે કોઈ પણ પ્રકારે તબદીલી કરે કરાવે નહી. કે બોજો ઉત્પન્ન કરાવે નહી તેવો કામ ચલાઉ મનાઈ હુકમ ફરમાવા વિનંતી કરેલ છે.

વાદીનાએ પોતાની દાવા અરજીના સમર્થનમાં આંક–૦૩ થી પુરાવા લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે.

**૨.** સદરહું દાવાના કામે પ્રતિવાદીને દાવા તથા મનાઈ અરજીની નોટીસ/સમન્સ કાઢતા, તે પ્રતિવાદીને બજી જતાં પ્રતિવાદી તેમનાં વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક–૩૧ થી વાદીની મનાઈ અરજીનો જવાબ રજુ કરેલ છે અને વાદીની મનાઈ અરજીમાં જણાવેલ પેરા વાઈસ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે,પ્રતિવાદીઓ દાવડ મુકામેના રહીશ છે. પ્રતિવાદી નં.૧,૭ અને ૯ના પિતા મર્હુમ ડાહયાભાઈ ધ્વારકાભાઈ નાઓ હતા.તેઓના કાયદેસરના વારસોમાં ૧. શારદાબેન,૨. મંગુબેન,૩.નિર્મલાબેન,૪.ઉષાબેન,૫.પ્રવિણાબેન, ૬.કમળાબેન,૭.મનુભાઈ(પ્રતિવાદી નં.૧),૮.નારાયણભાઈ(પ્રતિવાદી નં.૭), ૯.જીતેન્દ્રભાઈ (પ્રતિવાદી નં.૯ અને મણીબેન વિધવા છે. પ્રતિવાદી ન.૧ ખેતી તથા કંસ્ટ્રકશનનો વ્યવસાય કરી અમારા પરીવારનું ભરણ પોષણ કરીએ છીએ. અમો પ્રતિવાદી નં.૧ નુ લગ્ન પ્રતિવાદી નં.૨ સાથે થયેલ. અમો પ્રતિવાદી નં.૧

અને ૨ ના લગ્ન જીવન દરમ્યાન બે પુત્ર નામે પરેશભાઈ અને કલ્પેશભાઈ નો જન્મ થયેલ.પ્રતિવાદીઓએ અમારી આવકમાંથી બન્ને પુત્રોને ભણાવી ગણાવી તેમના લગ્ન કરેલ તથા અમારી બહેનોના મામેરા કરેલ છે.આ કામના વાદી નં.૧ અને અમો પ્રતિવાદી નં.૧ના પુત્ર પરેશભાઈનુ લગ્ન સામાજીક રીત રીવાજ મુજબ અમો પ્રતિવાદી નં.૧ નાએ કરાવેલ.લગ્ન પહેલા અમારા પુત્ર પરેશભાઈ કંન્ટ્રકશનનો વ્યાસાય કરતા હતા.વાદી નં.૧ અને અમો પ્રતિવાદીના પુત્ર પરેશભાઈના લગ્ન બાદ વાદી નં.૧ દાવડ મુકામે તેમના પતિ પરેશભાઈ સાથે તથા પરીવારના સભ્યો સાથે બેહુદુ વર્તન કરતા હતા અને ઝગડો કરી વારંવાર તેમના પીયરમાં રહેવા જતા રહેતા.પરેશભાઈ કંસ્ટ્રકશનનો જે વ્યવસાય કરતા હતા તેની તમામ આવક વાદી નં.૧ રાખતા હતા. ઘરમાં વાદી નં.૧ ના કંકાસના કારણે પ્રતિવાદી નં.૩ કલ્પેશભાઈ તેમના પરીવાર સાથે અલગ રહેવા જતા રહેલ. કલ્પેશભાઈ નોકરી કરતા હોઈ તેમની આવકમાંથી તેઓએ પ્લોટ ખરીદી તેમાં મકાન બનાવવા લોન મેળવી મકાન બનાવી અલગ રહે છે.જયારે અમો પ્રતિવાદી નં.૧,૨ નાઓ અમારા પુત્ર પરેશભાઈ સાથે રહેતા હતા.પરંતુ વાદી નં.૧ નાઓએ કયારેય અમોને કે અમારા પુત્ર પરેશભાઈને માન સંમાન આપેલ નહીં. જેના કારણે અમારા પુત્ર પરેશભાઈને ખુબજ માનસીક આધાત લાગેલ જેના કારણે તેઓ ડીપ્રેસનમાં જતા રહેલ અને ખરાબ આદતે ચઢી ગયેલ.જેનો લાભ લઈ આ કામના વાદી નં.૧ નાઓ તેમના પતિ પરેશભાઈની વ્યવસાઈક આવક તેમના પીયરમાં મોકલતા.જે આવકનો લાભ મેળવી આ કામના વાદી નં.૧ નાએ તેમના ભાઈના લગ્ન કરાવેલ તથા તેજ સમયે આ કામના વાદી નં.૧ અને અમારા પુત્ર પરેશભાઈએ અમો પ્રતિવાદીની જાણ બહાર તેમના તમામ ધરેણા નલીન લીઝ ફાયનાન્સ હિંમતનગર મુકામે ગીરવે મુકી તે પૈસા વાદી નં.૧ ના ભાઈના લગ્નમાં વાપરેલ.જે લોનની રકમ તેઓ નીયમીત ભરપાઈ ન કરતા નલીન લીઝ ફાયનાન્સ મારફતે નોટીશ આવતા અમો પ્રતિવાદી નં.૧ નાએ પરેશભાઈ તથા વાદી નં.૧ નાએ ધરેણાં ઉપર લીધેલ લોનની રકમ ભરપાઈ કરી ધરેણાં છોડાવી વાદી નં.૧ નાને પરત આપેલ. વાદી નં.૧ ના વારંવાર તેમના પતિ પરેશભાઈ સાથે ઝગડો કરી તેમના પીયરે જતા રહેતા. ત્યારે અમો પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ વાદી નં. ૨ અને ૩ ની સાર સંભાળ કરતા. અને અમો પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ વાદી નં.૨ અને ૩ ની તમામ પ્રકારની જવાબદારી નીભાવી રહેલ હતા

અને રહેલ છીએ. વાદી નં.૨ અને ૩ નાઓ અમો પ્રતિવાદી નં.૧ અને ૨ ના પાત્ર અને પાત્રી હોઈ તેઓની તમામ પ્રકારની સાર સંભાળ અને જવાબદારી દાદા દાદી તરીકે અમો નીભાવી રહેલ છીએ. અમારા પુત્ર પરેશભાઈના લગ્ન વાદી નં.૧ ની સાથે થયા બાદ વાદી નં.૧ ના ઝગડાલુ સ્વભાવના કારણે તેઓ આર્થિક અને સામાજીક તેમજ માનસીક રીતે તુટી ગયેલ. જેના કારણે અમો પ્રતિવાદી નં.૧ નાએ અમારા પુત્ર ને ફરીથી કામ ધંધે લગાવવા તેમના માટે અમોએ લોન લઈ તબેલો બનાવી આપેલ. પરંતુ વાદી નં.૧ અને પરેશભાઈ વચ્ચે ઝગડાના કારણે વાદી નં.૧ નાઓ વારંવાર તેમના પીયરમાં જતા રહેતા હોઈ, પરેશભાઈ માનસીક રીતે તુટી ગયેલ અને તેઓ ડીપ્રેશનમાં જતા રહેલ અને દારૂની લતમાં ફસાઈ ગયેલ.જેથી તેઓની સાર સંભાળ અને ડીપ્રેસનમાંથી બહાર લાવવા અમો પ્રતિવાદી નં.૧ નાએ પરેશભાઈને રીહેબલીટેશન સેન્ટરમાં પણ મોકલેલ. તથા વાદી નં.૧ નાઓ જયારે ઝગડો કરી તેમના પીયરમાં જતા રહેતા તે સમયે અમો પ્રતિવાદીઓ તથા સમાજના આગેવાનો સાથે જઈ તેઓને પરત ધરે લાવતા પરંતુ તેઓ ફરીથી જુદા જુદા કરાણો સર ઝગડો કરી તેમના પીયરમાં જતા રહેતા હતા. ત્યાર બાદ અમોને જાણવામાં આવેલ કે જયારે પરેશભાઈ તેઓને તેમના પીયરમાંથી પરત લેવા જતા ત્યારે વાદી નં.૧ અને તેમના ભાઈઓ તથા તેમના પીયર પક્ષના લોકો ધણીવખત પરેશભાઈ સાથે મારઝુડ પણ કરતા હતા. જેથી પરેશભાઈની તબીયત વારંવાર ખરાબ રહેવા લાગેલ. પરંતું વાદી નં.૧ નાઓ તેમના પતિ પરેશભાઈની કોઈ પણ પ્રકારે સાર સંભાળ કે સેવા ચાકરી કરેલ નહી. ઉલ્ટાનું વાદી નં.૧ નાએ પરેશભાઈ પોલીસ ફરીયાદો પણ કરેલ છે. સને ૨૦૨૨ માં વાદી નં. ૧ નાઓ ઝગડો કરી તેમના પીયરમાં અંદાજે ૭ થી ૮ માસ માટે જતા રહેલ તે સમયે અમો પ્રતિવાદીઓ તથા અમારા પુત્ર તેઓને પરત લાવવા ગયેલ તેમ છતાં તેઓ પરત આવેલ નહીં ત્યારે ગામના અને સમાજના માણસોના સમજામણથી તેઓ પરત દાવડ આવેલ પણ તેઓએ ક્યારેય પરેશભાઈ કે વાદી નં.૨ અને ૩ ની સાર સંભાળ રાખેલ નહીં. નાછુટકે અમો પ્રીતવાદી નં.૧ અને ૨ નાઓ વાદી નં.૧ અને પરેશભાઈનુ લગ્ન જીવન સુખમય ચાલે તેમાટે અમો પ્રતિવાદી નં.૩ સાથે રહેવા જતા રહેલ.પરંતુ વાદી નં.૧ નાઓ પરેશભાઈ સાથે ઝગડો કરી તેઓ તેમના પીયરમાં જતા રહેલ.જેના કારણે અમો પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ પરેશભાઈ તથા વાદી નં.૨ અને ૩ની સાર સંભાળ રાખાવા

પરેશભાઈ સાથે રહેવા ગયેલ.આ તમામ કારણોસર પરેશભાઈનો વેપાર ધંધો બંધ થતાં તેઓએ તેમના મીત્રો તથા સગા સંબંધીઓ પાસેથી હાથ ઉછીની રકમ પણ લીધેલ.જે રકમની અમોને જાણ થતાં અમો પ્રતિવાદી નં.૧ નાઓએ પરેશભાઈના દેવાઓ ભરેલ છે.જે વાદીનં.૧ ની જાણમાં છે. છેલ્લે સને ૨૦૨૪ માં પરેશભાઈની તબીયત ખુબજ ખરાબ હોવા છતાં વાદી નં.૧ કોઈને કહયા વગર તેમના પિયરમાં જતા રહેલ. ત્યારે ગામ આગેવાનો તથા સમાજના લોકોની શરમના કારણે વાદી નં.૧ નાઓ દાવડ પરત આવેલ અને તેઅદના અવ્યાના અંદાજે બે–ત્રણ માસ બાદ અમારા પુત્ર પરેશભાઈનું અકાળે અવસાન થયેલ. પરેશભાઈના અવસાન બાદ પણ વાદી નં.૧ નાઓ અમો પ્રતિવાદીઓ સાથે એનકેન પ્રકારે ઝગડો કરી તેમના પીયરે જતા રહે છે.તથા પરેશભાઈની મરણોત્તર ક્રિયા પુર્ણ થતાં અમો પ્રતિવાદી નં.૧ અને ૨ નાને વાદી નં.૧ નાએ ઝગડો કરી ધરમાંથી કાઢી મુકેલ જેથી હાલમાં અમો પ્રતિવાદી નં.૩ સાથે રહીએ છીએ. અમારા પુત્ર જીવતા હતા તે સમયે અમોએ એલ.આઈ.સી માંથી તેઓના નામે જીવન વીમો લીધેલ જેના નોમીનીમાં પરેશભાઈની માતા તરીકે પ્રતિવાદી નં.ર નું નામ જેતે વખતે લખેલ. પરંતુ પરેશભાઈનુ અકાળે અવસાન થતાં પ્રતિવાદી નં. ૨ નાઓ પરેશભાઈના નોમીની હોઈ વીમાની રકમ અમો પ્રતિવાદી નં.ર નાને મળેલ. જે વીમાની રકમ મળતા અમો પ્રતિવાદી નં. ૨ નાએ વાદી નં.૧ નાને બેંકમાંથી વીઠો કરી રોકડમાં આપી દીધેલ છે. વીમાની કોઈ રકમ અમો પ્રતિવાદી પાસે નથી જે જાહેર કરીએ છીએ.અમારા પુત્ર પરેશભાઈ જીવતા હતા તે સમયે તથા તેઓના અવસાન બાદ પણ અમો પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ વાદીઓની સાર સંભાળ અને દેખરેખ રાખતા હતા અને રાખી રહેલ છીએ. વાદીએ તેમની દાવા અરજીમાં કરેલ આક્ષેપ મુજબ અમો પ્રતિવાદી નં.૧ અને ૨ ના પાસે વાદી નં.૧ ના કોઈ પણ પ્રકારના દરદાગીના નથી. કારણકે વાદી નં.૧ અને પરેશભાઈ ના લગ્ન બાદ વાદી નં.૧ પાસે તેઓના દાગીના રહે છે. જે તોએએ નલીન લીઝ ફાયનાન્સમાં ગીરવે મુકી લાન લીધેલ. જે લોની રકમ પણ અમો પ્રતિવાદી નં.૧ નાએ ભરેલ અને વાદી નં.૧ નાને દાગીના પરત આપેલ છે. તથા હાલમાં વાદી નં.ર અને ૩ ને તેમના અભ્યાસમાં સહાયતા માટે ગઈ તા.૨૬–૬–૨૦૨૫ નારોજ ગુરુકૃપા ઈ–બાઈક, દેશોતર–હિંમતનગર હાઈવે,કિશનગઢથી રૂા.૪૦,૦૦૦–૦૦ માં ઈલેકટ્રીક સ્કુટર લઈ આપેલ છે.તથા વાદીઓની તમામ પ્રકારના ખર્ચાઓ પણ અમો પ્રતિવાદી

નં.૧ નાઓ હાલમાં કરી રહેલ છીએ. છોરૂ કછોરૂ થાય પણ માવતર કમાવતર ના થાય જે થી વાદી નં.૧ નાએ અમો પ્રતિવાદી નં.૧ અને ૨ નાની સાથે હેરાન પરેશા અને ઝગડો કરતા હોવા છતાં વાદીઓના અભ્યાસ, રોજીંદી ખર્ચાઓ તથા તમામ પ્રકારની જવાબદારી નીભાવી રહેલ છીએ અને નીભાવાવાના છીએ જે ના.કોર્ટમાં જાહેર કરીએ છીએ. અમો પ્રતિવાદી નં.૧ ના નામે જે ખેતીની જમીન આવેલ છે તે જમીન પૈકી સર્વે નં. ૯૦૦ (જુનો સર્વે નં. ૮૭૦/૨પેકી૧) ની જમીન અમો પ્રતિવાદી નં.૧ નાએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં. ૧૯૪/૨૦૧૧ તા. ૨૭–૧–૨૦૧૧ થી વેચાણે રાખેલ છે. તથા સર્વે નં. ૪૧૭,૪૯૬ અને ૮૯૫ ની ખેતીની જમીન ભાઈઓ ભાગે વહેંચણીમાં મળેલ છે. જે અમારી સ્વતંત્ર માલીકીની આવેલ છે. તથા સર્વે નં.૨૩૦૬ની જમીન અમારા ભાઈઓની સંયુક્ત માલિકી ની આવેલ છે.જે જમીન તાલુકા વિકાસ અધિકારીશ્રી ઈડરના હુકમ નં. જમીન/બીનખેતી/એસ.આર/૮/૨૨૭/૯૫–૯૬ થી રહેણાંક ના હેતુ માટે બીનખેતીમાં ફેરવવામાં આવેલ છે.જે બીન ખેતીની જમીનમાં અમો પ્રતિવાદી નં.૧ ના હિસ્સામાં આવેલ પ્લોટો પૈકી એક પ્લોટમાં હાલનું મકાન અમો પ્રતિવાદી નં.૧ નાએ બનાવેલ છે અને પ્લોટ નં.૬ પટેલ પ્રવિણભાઈ કચરાભાઈને તથા પ્લોટ નં. ૮ પટેલ અરવિંદભાઈ પ્રભાભાઈને રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણે આપેલ છે. આમ બીન ખેતીના સર્વે નં. ૨૩૦૬ ની બાકીના પ્લોટાના માલીક અને કબજેદાર અમો પ્રતિવાદી નં.૧ નાઓ નહતા અને નથી. માત્ર સંયુક્ત માલિકીની જમીન હોઈ અને તે જમીનમાં અમારૂ મકાન હોઈ તથાનું વેચાણ કરેલ છે.

વાસ્તવમાં ખરી હકીકતે અમો પ્રતિવાદીના પુત્ર પરેશભાઈનું તા. ૧૮–૮–૨૦૨૪ ના રોજ અકાળે અવશાન પામેલ. અમારા પુત્ર પરેશભાનું મરણ થયેલ તે પહેલા અને તેમના મરણ બાદ પણ અમો પ્રતિવાદી નં.૧ નાઓ વાદીઓનો સાર સંભાળ અને તેમની પાછળ નો તમામ ખર્ચ કરી રહેલ છીએ અને કરતા આવવાના છીએ. મર્હુમ પરેશભાઈના મરણબાદ આ કામના વાદી નં.૧ પુનઃ લગ્ન કરવા માગતા હોઈ તેઓ વાદી નં.૨ અને ૩ ની આડમાં અમો પ્રતિવાદી નં.૧ ની મીલકત મેળવી તેને વેચાણ કરવાનો ઈરાદો ધરાવે છે. અમો પ્રતિવાદીઓ જાહેર કરી જણાવીએ છીએ કે વાદી નં.૧ નાઓ પુનઃ લગ્ન કરવા ઈચ્છતા હોઈ તો તે સામે અમોને કોઈ પણ પ્રકારે વાંધો નથી. પરંતુ આ કામના વાદી નં.૨ અને વાદી

નં.3 નાઓ અમો પ્રતિવાદી નં.૧ અને ૨ ના પાત્ર અને પાત્રી થતાં હોઈ તેઓનું ધર દાવડ છે અને રહેશે. તેઓની સાર સંભાઈ, અભ્યાસ, લગ્ન વિગેરે તમામ ખર્ચ કરવા અમો દાદા–દાદી તરીકે રાજી ખુશી અને તૈયાર છીએ. અમો પ્રતિવાદી નં.૧ ની કોઈ પણ મીલકતમાં અમોએ વહેંચણી કરેલ નથી. અમો પ્રતિવાદીઓએ વાદીઓને ક્યારેય કોઈપણ પ્રકારે ધાક ધમકી આપેલ નથી કે કોઈ પણ પ્રકારે શારીરીક કે માનસીક ત્રાસ આપેલ નથી.વાદીઓ હાલમાં પણ અમારા ઘરે રહે છે. અને અમો તેમની તમામ પ્રકારની જવાબદારી નીભાવી રહેલ છીએ.વાદીની વચગાળાની મનાઈ અરજીના પેરા–૭ માં મનાઈ અરજી માટેના જે કરાણો જણાવેલ છે તે તમામ કારણો ખરા નહોઈ અમો પ્રતિવાદીઓને કબુલ મંજુર નથી. વાદીઓનો કોઈ પ્રાયમાફેસી કેસ નથી.બેલેન્શ ઓફ કન્વીનીચન્શ એને ઈરીપેરેબલ લોસની દ્રષ્ટિએ પણ કેસ પ્રતિવાદીઓની તરફેણમાં છે. વાદીઓની દાવા અરજી અને મનાઈ અરજીની સમગ્ર હકીકત જોતાં વાદીઓને દાવાવાળી મિલ્કતમાં રજુ થયેલ પુરાવા મુજબ કોઈપણ પ્રકારનું રાઈટ, ટાઈટલ કે હકક હીત કે કબજો નથી. પ્રતિવાદીનં.૧ નું નામ રેકડે દાખલ થતાં અને ખેતીલાયક સર્વે નંબરોની જમીનના સ્વતંત્ર માલીક બનતાં પ્રતિવાદીઓએ કાયદેસર રીતે વેચાણ થી તેનો કબજો ઉપભોગ ભોગવટો માલીકી હકકે ધારણ કરી રહેલ છીએ.અને દાવાવાળી તમામ ખેતીલાયક જમીનોના રેકંડે તથા સ્થળે હાલમાં વેચાણની તારીખથી અમારો કબજો ઉપભોગ ભોગવટો છે.વાદીઓનો કોઈપણ પ્રકારે દાવાવાળી મિલ્કતમાં કબજો ઉપભોગ ભોગવટો પણ આવેલ નથી.વાદીઓએ ના.કોર્ટમાં સત્ય હકીકત છુપાવી ખોટી અને બનાવટી રજુઆતો કરી દાવાવાળી મિલ્કતો પરત્વે મનાઈની માંગણી કરેલ હોઈ જે ઉપર જણાવેલ હકીકતે રદ કરવા નમ્ર વિંનતી છે. બેલેન્શ ઓફ કન્વીનીચન્શ અને ઈરીપેરેબલ લોસની દ્રષ્ટીએ પણ કેસ પ્રતિવાદીઓની તરફેણમાં છે.જો વાદીઓને ના.કોર્ટથી માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓ કે જે દાવાવાળી મિલ્કતોમાં સ્વતંત્ર માલીક અને કબેજેદારના હકકની રૂઈએ કબજો ઉપભોગ ભોગવટો આવેલા છે તેઓને નાણાંમાં ન માપી શકાય તે રીતેનું નુકશાન થાય તેમ છે. તથા વાદગ્રસ્ત ની ખેતી લાયક જમીનમાં પ્રતિવાદીએ વાવેતર કરેલ છે. જેથી કરીને પ્રતિવાદીઓએ વાદગ્રસ્ત ખેતીની જમીન આજદીન સુધી સદર અખેતીની જમીન ને ફળદ્રુપ અને ઉપજાવું બનવવા ખુબજ મોટા પ્રમાણમાં

નાણાંકીય ખર્ચ કરેલ છે.વાદીઓ પક્ષે કામચલાઉ મનાઈ હુકમનો આદેશ આપવામાં ન આવે તો તેઓને કાંઈ ગુમાવવાનું રહેતું નથી. કારણકે દાવાવાળી જમીનમાં આજદીન સુધીનો કબજો ઉપભોગ ભોગવટો અમો પ્રતિવાદીનો આવેલો છે.આ હકીકત વાદીએ તેની દાવા અરજી એને મનાઈ અરજીનામાં સ્પષ્ટપણે કબુલ રાખેલ છે. દાવાવાળી મિલ્કતોમાં તેઓનું કોઈપણ પ્રકારે હકક હીત ન હોવા છતાં જાતના વ્યાજબી કારણ વગર પ્રતિવાદીઓના ને દાવા દુવી ધ્વારા હેરાન પરેશાન કરવાના બદ ઈરાદે ના.કોર્ટમાં દાવો દાખલ કરી મનાઈ હુકમની માંગણી કરેલ હોઈ વાદીઓની મનાઈ અરજી પણ ખર્ચ સાથે રદ કરવા નમ્ર વિંનતી છે.વાદીઓનું દાવાવાળી મિલ્કતમાં સ્થળે કે રેકડે કોઈપણ પ્રકારે હકક હિત હીસ્સે આવેલ નથી. કે તેઓનો કોઈપણ પ્રકારે કબજો ભોગવટો પણ આવેલ નથી. આમ વાદીઓનો કોઈ પ્રથદર્શનીય કેસ નથી. આમ સમગ્ર રીતે વાદીઓ મનાઈ અરજીના પેરા–૮માં જણાવ્યા મુજબની કોઈપણ પ્રકારની મનાઈની દાદ મેળવવા વાદીઓ હકકદાર ન હોઈ મનાઈ અરજી ખર્ચ સાથે રદ કરવા નમ્ર વિંનતી છે.

પ્રતિવાદી નં.૧ અને ૨ના મર્હુમ પુત્ર પરેશભાઈ જીવતા હતા ત્યારથી અને તેમના મરણ બાદ હાલમાં પણ અમો વાદી નં.૧ અને અમારા પૌત્ર અને પૌત્રી સાર સંભાળ અને દેખરેખ કરી રહેલ છીએ અને કરતા રહીશું.અમો પ્રતિવાદી નં.૧ મરણ બાદ અમારી મીલકત અમારા વારસદારોને જ મળવાની છે.પરંતુ અમો પ્રતિવાદી નં.૧નાઓ અમારી આજીવીકા અને વાદીઓના રોજીંદા ખર્ચ અને વાદીઓના અને અમારા ભરણ પોષણ માટે અમારી મીલકત અમો પ્રતિવાદી અમારી હયાતીમાં અમો કોઈને વેચાણ કે કોઈ ને વહેંચણીમાં આપવાના નથી તે નામદાર કોર્ટમાં જાહેર કરીએ છીએ. વાદી નં.૧ નાને પુન: લગ્ન કરવા હોય તો તે અંગેની તમામ જવાબદારી માતા–પીતા તરીકે અમો પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ નીભવવા સંમત છીએ તથા વાદી નં.૨ અને ૩ની તમામ પ્રકારની જવાબદારી તેઓ પ્રતિવાદી નીભાવવા રાજીખુશી અને તૈયાર છીએ.આમ માત્ર વાદી નં.૧નાઓ અમો પ્રતિવાદીઓને હેરાન પરેશાન કરવના બદ ઈરાદે સદરહુ દાવો દાખલ કરેલ હોઈ વાદીની દાવા અરજી અને મનાઈ અરજી ખર્ચ સાથે રદ કરવા વિનંતી કરે લ છે.

**૩.** સદરહું કામે વાદી પક્ષના વિ.વ.શ્રી તરફે તથા પ્રતિવાદી પક્ષ તરફે વિ.વ.શ્રીનાઓની દલીલો સાંભળવામાં આવેલ.

**૪.** ઉપરોકત દલીલો જોતાં બન્ને પક્ષકારો આંક-૫ ની અરજીના ન્યાયીક નિર્ણય માટે પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ નીચે મુજબના આવશ્યક તત્વો સંતોષાવા જરૂરી છે.

| | |
|---|---|
| ૧ | શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે? |
| ૨ | શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે? |
| ૩ | જો દાદ મંજુર કરવામાં ન આવે તો વાદીને નાણાંથી વળતર ન મળે તેવુ નુકશાન જાય તેમ છે? |
| ૪ | શું હુકમ ? |

**૫.** ઉપરોકત આવશ્યક તત્વો અંગેના મુદાના મારા તારણ નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ.

**૬. <u>મુદા નં.૧ થી ૩ ના કારણો :-</u>**

ઓર્ડર-૩૯ રૂલ-(૧),(૨) આવશ્યક તત્વો જોઈએ તો, વાદીઓ તથા પ્રીતવાદીઓ એ સાબીત કરવુ પડે કે,તેમનો પ્રથમ દર્શનીય કેસ છે અને જો આવો મનાઈ હુકમ આપવા નહી આવે તો તેમને નાણાંમાં ના આંકી શકાય તેવું નુકશાન થવાની સંભાવના છે. વાદીની દલીલ છે કે,આ કામના પ્રતિવાદી વાદીને કોઈ જમીન લાગ-ભાગ કે હીસ્સો આપવાની મનાઈ કરેલ છે અને વાદીની જમીનમાં ખોટા નામો દાખલ કરી જમીનનો ગેરકાયદેસર કબજો પડાવી લીધેલ છે અને વાદીને ખેતીકામ કરતા રોકવાનો પ્રયત્ન કરી રહયા છે. તેથી જો વાદીને મનાઈ હુકમ ન આપવામાં આવે તો તેમને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે તેમ છે.

પ્રતિવાદી તર્ફે દલીલ છે કે,વાદીએ દાવા અરજીમાં ખોટી હકીકતો જણાવેલી અને વાદીનો કોઈ વાદગ્રસ્ત મીલકતમાં હકક કે હીસ્સો નથી અને પ્રતિવાદીઓ સ્થળ ઉપર વહેચણી મુજબ હિસ્સા પાડીને વાવેતર કરતા હતા

અને ખોટી રીતે કોઈ નામો દાખલ કરેલા નથી અને જમીન પડાવી લેવાની દાનત હોય ખોટી હકીકતોના આધારે દાવો દાખલ કરેલ છે અને વાદી ચોખ્ખા હાથે આવેલ ન હોય અને આંક–પના આવશ્યક તત્વો સંતોષાતા ન હોય વાદીનો આંક–૫ ના–મંજુર કરી પ્રતિવાદીનો કાઉન્ટર આંક–૫ મંજુર કરવા વિનંતી કરે છે.

(૬.૧) ઉપરોકત બન્ને પક્ષકારોની રજુઆત ધ્યાને લેતાં, વાદી તરફે તથા પ્રતિવાદી તર્ફે દાદ માંગવામાં આવેલ છે અને તેઓના જણાવ્યા અનુસાર જે મીલકત બાબતે મનાઈ હુકમની માંગણી કરવામાં આવેલ છે તે પૈકી સર્વે નં.૨૨૧ તથા ૧૩૦ તથા ૯૪ પૈકીની મીલકતો અંગે મનાઈ હુકમ મેળવવા માટે વાદી તર્ફે કોઈ એવો દસ્તાવેજ રજુ કરેલ નથી જે દર્શાવે કે વાદી તથા પ્રતિવાદીએ સંયુકત રીતે આ મીલકતો ખરીદેલી.વાદી તર્ફે જે દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે તેમાં વાદીનુ કોઈ જગ્યાએ નામ નથી.જયારે પ્રતિવાદી તથા તેમના વારસદારોનુ નામ રેકર્ડ પર છે તેમ જણાઈ આવે છે.તેથી વાદીનો પ્રથમદર્શનીય કેસ મનાઈ હુકમ મેળવવા માટે જણાતો નથી.વધુમાં વાદીનો એકલાનો કે પ્રતિવાદીનો એકલાનો જ કોઈ હકક હોય તેમ જણાતુ નથી. વધુમાં, આ કામે પ્રતિવાદીની તકરાર છે કે, તેમની મિલકતો સ્વપાર્જીત છે અને વડીલોપાર્જીત મિલકતો નથી. તેથી પ્રતિવાદી નં.૧ નાની મિલકત સ્વપાર્જીત મિલકત હોય વાદીનો ખરેખર હકક હિસ્સો લાગે છે કે કેમ તે વાદી ધ્વારા પુરવાર થયેલ નથી અને આ બાબત પુરાવા લીધા સિવાય નિર્ણીત કરી શકાય નહી અને તેથી હાલના તબકકે પુરાવો લીધા સિવાય નિર્ણય થઈ શકે તેમ નથી.

વધુમાં, વાદી તરફે દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, તેમાં વાદીના પતિનુ નામ કોઈ જગ્યાએ હોય કે તેમનો કોઈ લાગ ભાગ હિસ્સો હોય તેમ દર્શાવેલ નથી. હાલના તબકકે જે દસ્તાવેજ રજુ કરેલ છે તે પરથી સ્પષ્ટ થાય છે કે, જે મિલકતો પરત્વે વાદી દાવો લઈને આવેલ છે તેમાં તેમનો હિસ્સો પોષાય છે. તેથી વાદીનો

કોઈ પ્રથમ દર્શનિય કેસ બનતો નથી.

વાદી તરફે **નામદાર સુપ્રિમ કોર્ટનો રઘુવીરસિંગ વિ. ગુલાબસિંગ, ૧૯૯૯ (૧) જી.એલ.એચ. ૩૬૩** નો ચુકાદો રજુ કરવામાં આવેલો છે. જેમાં વિધવા સ્ત્રીને ભરણપોષણ પેટે કોઈ મિલકત મળેલી હોય તેમાં તેના હકક સબંધેના પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવામાં આવેલુ છે. આ ચુકાદો માનભેર વંચાણે લીધો. પરંતુ તે કેસના તથ્યો અને હાલના કેસના તથ્યો અલગ અલગ હોય તેથી આ ચુકાદો વાદીને લાગુ પડતો નથી. કારણ કે, ઉપરોકત ચુકાદામાં વિધવા સ્ત્રીને મિલકતો વીલથી મળેલી હતી. જયારે હાલના કેસમાં પ્રતિવાદીની મિલકતો સ્વપાર્જીત હોય અને પ્રતિવાદી નં.૧ એટલે કે વાદીના સસરા જીવીત હોય તેમના જીવનકાળ દરમ્યાન ઉપયોગ, ઉપભોગ કરવા માટે સ્વતંત્ર હોય તેથી ઉપરોકત ચુકાદો વાદી પક્ષને મદદરૂપ બનતો નથી. આમ, જયારે વાદીને જે મિલકતો પરત્વે મનાઈ હુકમ લઈને આવેલા છે તે બાબતે પ્રથમ દર્શનીય કેસ બનતો નથી અને તેવા સંજોગોમાં તેની સામે મનાઈ હુકમ આપી શકાય નહી.તેથી વાદીનો પ્રથમદર્શનીય કેસ બનતો નથી અને હાલના કામે દસ્તાવેજો ધ્યાને લેતાં પક્ષકારો એવુ સાબીત કરી શકયા નથી કે મનાઈ હુકમ મેળવવા માટે તેમનો પ્રથમદર્શનીય કેસ નથી અને જયારે પ્રથમદર્શનીય કેસ ના હોય ત્યારે મનાઈ હુકમના અન્ય તત્વો પર વધુ મદાર રાખી શકાય નહીં અને જયારે વિવાદિત મિલકત પ્રતિવાદી નં .૧ ના નામે નોંધાયેલ હોય અને અરજદારે એ બાબતે કોઈ પુરાવો રજુ રાખેલ નથી કે જે મિલકત પરત્વે દાવો કરેલ છે તે મિલકતો સંયુકત કુટુંબની મિલકત છે અથવા તેમાં તેમના સ્વર્ગસ્થ પતિનો નિશ્ચત હિસ્સો હતો અને માત્ર એટલા આધાર ઉપર કે અરજદાર સ્વર્ગસ્થ પુત્રની વિધવા છે, પ્રતિવાદી નં.૧ ની સ્વપાર્જીત મિલકતમાં કોઈ વર્તમાન માલિક હકક પ્રાપ્ત થતો હોય તેવુ પણ દર્શાવી શકયા નથી તેથી પણ વાદીને માગ્યા મુજબનો મનાઈ હુકમ મળવાપાત્ર રહેતો નથી.

વધુમાં મનાઈ હુકમ બાબતે અગવડતા સગવડતાની સમતુલા ધ્યાને લેતાં જો આવો મનાઈ હુકમ કોઈ એક પક્ષકારની વિરૂધ્ધ આપવામાં આવે તો જે પક્ષકારો આજદિન સુધી જે મિલકતનો ઉપભોગ, ઉપયોગ કરતા આવ્યા છે તેમના કાયદેસરના હકક, હિતને નુકસાન પહોચે તેમ છે અને તેથી અદાલતે એ પણ ધ્યાને લેવાનુ રહે કે એક પક્ષના હીતના રક્ષણથી અન્ય પક્ષકારના હિતને નુકશાન થાય નહીં.તેથી પક્ષકારોને મનાઈ હુકમ મળવાપાત્ર રહેતો નથી.

હાલનો મનાઈ હુકમ મંજુર કરવા માટે કોઈ વ્યાજબી કારણ જણાતું નથી અને મનાઈ હુકમની અરજી એટલે કે, પુરાવા લીધા સીવાય કયા પક્ષકારનો હકક હિસ્સો છે તે નકકી થઈ શકે તેમ ન હોય મુદ્દા નં.૧ થી ૩ વાદી પોતાની તરફેણમાં પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોવાનું જણાય આવે છે. જેથી મુદ્દા નં.૧ થી નં.૩ નો જવાબ 'નકારમાં' ઠરાવી મુદ્દા નં.૪ અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**–:: <u>હુકમ</u> ::–**

(૧) વાદીની આંક –૫ ની અરજી આથી ના–મંજુર કરવામાં આવે છે.

(૨) અરજીનો ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે.

હુકમ આજ રોજ તા.૧૧ મી, માહે:જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૬/૨૦૨૬
સ્થળ–ઈડર.

(વિપ્લવ એચ. તેૈરૈયા)
એડીશ્નલ સિવિલ જજ,ઈડર.
કોડ નં.જીજે૦૧૬૮૧

//R.N.P//